ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### પેટ્રોલ પંપના સંચાલકો દ્વારા પેટ્રોલ ડીઝલ નથીના બેનરો લગાવાયા

# વેજલપુરમાં પેટ્રોલ ડીઝલની અછત

**કાળઝાળ** ગરમીમાં વાહન ચાલકો હેરાન પરેશાન

(પ્રતિનિધિ) કાલોલ તા.16

ગુજરાત રાજ્ય ના ડેપ્યુટી સી એમ હર્ષ સંઘવી પ્રેસ ના માધ્યમ થી લોકોને બે હાથ જોડી અપીલ કરી રહયા છે કે પેટ્રોલ ડીઝલ ને લઈ સોશિયલ મીડિયા માં વોટ્સએપ ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે પેટ્રોલ ડીઝલ નો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે કોઈએ અફવાઓ ઉપર ધ્યાન આપવું નહિ




આવનાર સમયમાં સોશિયલ મીડિયામાં ખોટી અફવાઓ ફેલાવનાર સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે કોઈપણ નાગરિકો એ ચિંતા કરવી નહીં દરેક પેટ્રોલ પંપ ઉપર પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી તેમજ તમામ મંત્રાલય દર બે દિવસે રીવ્યુ લઈ રહયા છે દરેક પેટ્રોલ પંપો ઉપર પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરવા આપડી પાસે વ્યવસ્થા છે તેવું જણાવી રહયા છે બીજી તરફ આજ રોજ કાલોલ તાલુકાના વેજલપુર ગામના પેટ્રોલ પંપો ઉપર સવાર થી સ્ટોક ની અછત હોવાથી પેટ્રોલ પંપો ના સંચાલકો દ્વારા પેટ્રોલ પંપ ની બહાર બેરીકેટ કરી પેટ્રોલ ડીઝલ નથી ના બોર્ડ લગાવી દેવામાં આવ્યા હતા જેના કારણે વાહન ચાલકો વેજલપુર થી બે કિલોમીટર દૂર આવેલા પેટ્રોલ પંપો ઉપર પેટ્રોલ નખાવવા માટે કાળઝાળ ગરમીમાં લાઈન લાગી હતી જેથી ગુજરાત સરકાર ના મોટા મોટા નેતાઓ ભાષણો માં પૂરતા પ્રમાણમાં સ્ટોક હોવાની માત્ર ખોટી વાતો કરે છે તે આ વેજલપુર પેટ્રોલ પંપ ઉપર લાગેલા બોર્ડ થી સાબીત થાય છે કે ગુજરાત સરકાર પાસે કેટલો સ્ટોક છે જેના કારણે પ્રજા કાળઝાળ ગરમીમાં પેટ્રોલ ડીઝલ માટે વલખા મારી રહી છે

### ૧૬ મે વિશ્વ ડેન્ગ્યૂ દિવસ તરીકે ઉજવાય છે

# સિંગવડ તાલુકા ખાતે ડેન્ગ્યૂ દિવસ અંતર્ગત રેલી યોજાઈ



(પ્રતિનિધિ) સિંગવડ તા.16

સિંગવડ તાલુકા ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ની ઉજવણી અંતર્ગત રેલી નું આયોજન કરવામાં આવ્યું . આજરોજ સિંગવડ ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત તથા જિલ્લા મેલેરીયા અધિકારી અતીત ડામોર તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. જીતેન્દ્ર મુનિયા તેમજ તાલુકા મેલેરીયા સુપરવાઈઝર ગુણવંત પરમાર અને તાલુકા સુપરવાઈઝર એલ.સી.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ તારીખ 16/5/2026 ના રોજ સિંગવડ તાલુકા ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ની ઉજવણી કરવામાં આવી તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. અને સિંગવડ બજારમાં જુદા જુદા વિસ્તારોમાં રેલી ફરી ડેન્ગ્યુ તથા મેલેરિયા અંગે લોકોમાં જનજાગૃતિ કરવામાં આવી હતી.

લોકોમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગો ન ફેલાય તે માટે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને લોકોને IEC દ્વારા મેલેરિયા અને ડેન્ગ્યુ રોગ કઈ રીતે ફેલાય અને તેના નિવારણ માટે શું કરવું જોઈએ તે માટે IEC દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.જેમાં સિંગવડ તાલુકાના તમામ સુપરવાઈઝર અને એમ. પી એચ ડબલ્યુ ભાઈઓ હાજર રહી રેલી ને સફળ બનાવવામાં આવી હતી.

# પંચમહાલ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ગોધરા તા.16

પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી એ જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલ સ્વછતા,વીજ જોડાણ , પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના પ્રજાલક્ષી પ્રશ્નોના નિવારણ અંગે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ નાગરિકોને સ્પર્શતા વિવિધ વિષયો અંગેના પ્રશ્નો જેવાં કે પડતર અરજીઓના નિવારણ, આરોગ્યલક્ષી સેવાઓ વધારવા, વિવિધ યોજનાઓના સહાય વિતરણ,તથા અન્ય જરૂરી બાબતો અંગે સકારાત્મક અભિગમથી કામ કરી ઝડપી અને યોગ્ય નિકાલ કરવા સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.આ બેઠકમાં રાજ્યસભા સાંસદ ડૉ જસવંતસિંહ પરમાર, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર,નિવાસી અધિક કલેકટર જે.જે.પટેલ,નાયબ વન સંરક્ષક ,પ્રાંત અધિકારી સહિત સંકલન સમિતિના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### મોંઘવારીનો બોજ વધ્યો, પંપ સંચાલકો કહે છે "બધું સામાન્ય થઈ જશે"

# ભાવવધારાને પગલે પેટ્રોલ પંપ આવનાર ગ્રાહકોમાં ભારે અસંતોષ

દાહોદ : પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨.૮૦થી ૩.૩૦ સુધીના વધારા બાદ શહેરના પેટ્રોલ પંપો પર સામાન્ય જનતાની વ્યથા સ્પષ્ટપણે જોવા મળી છે. વૈશ્વિક તણાવને કારણે થયેલા આ વધારાએ સામાન્ય નાગરિકોના બજેટને ખોરવી નાખ્યું છે અને જીવન જીવવું મુશ્કેલ બનાવ્યું છે.

પેટ્રોલ પંપ પર વાત કરતા અનેક ગ્રાહકોએ ક્રોધાવ વ્યક્ત કર્યો છે. એક ગ્રાહકે કહ્યું કે, "મોંઘવારી અને સતત વધતા ઈંધણના ભાવને કારણે અમારું માસિક બજેટ પૂરેપૂરું ખોરવાઈ ગયું છે. ઘરમાં પણ વાત થાય છે કે હવે ગાડી વેચી દો અથવા તો ચલાવવાનું બંધ કરી દો." અન્ય એક વ્યક્તિએ જણાવ્યું કે રોજિંદા કામ માટે વાહનનો ઉપયોગ અનિવાર્ય છે, પરંતુ વધેલા ભાવને કારણે ખિસ્સા પર ભારે બોજ પડી રહ્યો છે. આ વધારાથી માત્ર વ્યક્તિગત વાહનો જ નહીં, પરંતુ વ્યવસાયિક વાહનો, ટ્રક અને ઓટો-રિક્ષા ચાલકો પણ પરેશાન છે.

ટ્રાન્સપોર્ટ ખર્ચ વધતાં જીવનજરૂરી વસ્તુઓના ભાવમાં પણ વધારો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.બીજી તરફ, પેટ્રોલ પંપના સંચાલકોએ વ્યવહારુ વાસ્તવિકતા રજૂ કરી છે. એક પંપ સંચાલકે કહ્યું, "જ્યારે પણ ભાવ વધે છે ત્યારે લોકો એક-બે દિવસ વિરોધ કરે છે, વાતો કરે છે, પરંતુ પછી બધું સામાન્ય થઈ જાય છે.

## કરખડી ગામે મકાનની દિવાલ ધરાશાયી થતા મજૂરનું કરુણ મોત

પાદરા : ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના વેડચ નવી વસાહતમાં રહેતા મહેશભાઈ રમણભાઈ જાદવ કરખડી ગામે કાંતિભાઈ છોટાભાઈ પટેલના મકાનનું કામ કરવા માટે ગયા હતા. સ્લેબની દિવાલ પડી જતા તેઓ દિવાલ નીચે દબાઈ ગયા હતા. આ અકસ્માતમાં મહેશભાઈના માથામાં ગંભીર ઈજા પહોંચી હતી તેમજ પેટની જમણી બાજુએ આંતરડા બહાર નીકળી આવ્યા હતા. ઉપરાંત બંને પગ ઘૂંટણની નીચેના ભાગે તૂટી ગયા હતા અને સમગ્ર શરીરે ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું.

### અકસ્માતને પગલે કન્ટેનરમાં રહેલ મોટર સાયકલોને ભારે નુકસાન પહોંચ્યું

# હીરો કંપનીની નવી મોટર સાયકલ લઈને જતુ કન્ટેનર હાલોલ બાયપાસ પાસે પલટ્યુ

(પ્રતિનિધિ) હાલોલ તા.16

હીરો કંપનીના નવા બાઈકો લઈ ઓડિશાના રાયગડાં ખાતે જઈ રહેલુ કન્ટેનર શનિવાર ની વહેલી સવારે હાલોલ ગોધરા વડોદરા બાયપાસ રોડ થી પસાર થઇ રહ્યું હતું. દરમ્યન કન્ટેનર ચાલકે તેના સ્ટેરીંગ પર નું કાબુ ગુમાવતા કન્ટેનર રોડ પર પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જોકે તે સમયે કોઈ વાહન વ્યવહાર ન હોવાને કારણે કોઈ અઘટીત ઘટના બની ન હતી.

જોકે સર્જાયેલ અકસ્માત માં કન્ટેનર ચાલાક અને તેના સાથી નો અદભુત બચાવ થયો હતો બનવાને પગલે એક સમયે આ



રોડ પર નો વાહન વ્યહાર અટકી ગયો હતો જેને પગલે રસ્તા પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. બનાવની જાણ પોલીસ ને થતા ઘટના સ્થળે દોડી આવી હતી. સર્જાયેલ અકસ્માતના કારણે કન્ટેનર ને અને તેમાં રહેલી મોટર સાયકલોને પણ ભારે નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળી આવ્યું છે.

## વેજલપુર ખાતેથી ફરાર આરોપી ઝડપાયો

કાલોલ : કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પશુ સંરક્ષણ અને પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ ધારા હેઠળ નોંધાયેલા ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને પંચમહાલ પેરોલ ફ્લો સ્ક્વોડે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. સૂત્રો દ્વારા ચોક્કસ બાતમીના આધારે પેરોલ ફ્લો સ્ક્વોડના માણસોએ તાત્કાલિક મોજે-વેજલપુર, ધુસર રોડ (તા. કાલોલ, જી. પંચમહાલ) ખાતે વોચ ગોઠવીને આરોપી સલમાન ઉર્ફે બારોટ ફારુક પાડવાને ઝડપી લીધો હતો.પકડાયેલા આરોપીનો કબ્જો મેળવી, તેની સામે આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે તેને કાલોલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### શ્રીનાથજીબાવા, ધન્વંતરિ ભગવાન અને સરસ્વતી માતાનું સ્થાપન

# કાલોલની NMG હોસ્પિટલ ખાતે મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવ્યું



(પ્રતિનિધિ) કાલોલ તા.16

કાલોલ નગરની જાણીતી એન.એમ.જી. હોસ્પિટલ ખાતે એક ભવ્ય અને ભક્તિમય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હોસ્પિટલ પરિસરમાં વિવિધ દેવી-દેવતાઓની મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિ સાથે સ્થાપના કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, હોસ્પિટલના ડેન્ટલ વિભાગના પ્રવેશદ્વારે આરોગ્યના દેવતા ભગવાન ધન્વંતરિ અને વિદ્યાના દેવી માતા સરસ્વતીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. આ સાથે જ હોસ્પિટલ પરિસરમાં પૂ. પા. ગો. ૧૦૮ શ્રી કુંજેશકુમારજી મહારાજશ્રીના વરદહસ્તે શ્રીનાથજીબાવાની ભવ્ય સ્થાપના કરવામાં આવી હતી. મૂર્તિ સ્થાપના પૂર્વે કાલોલ નગરના ત્રણ મંડળની બહેનો દ્વારા ભક્તિભાવપૂર્વક પાઠનું આયોજન કરાયું હતું, ત્યારબાદ પૂજ્ય મહારાજશ્રી દ્વારા શ્રીનાથજીબાવાની સ્થાપના વિધિ સંપન્ન થઈ હતી. આ મંગલમય પ્રસંગે પોતાના આશીર્વચન પાઠવતા પૂજ્ય મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, ₹હોસ્પિટલ પણ એક મંદિર સમાન જ છે. હોસ્પિટલમાં આવતા પીડિત દર્દીઓને અહીં ભગવાનના દર્શન થાય અને તેમની કૃપાથી તેઓ ઝડપથી રોગમુક્ત થઈ સાજા-નરવા થાય તેવી ભાવના છે.₹ વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ શ્રીનાથજીબાવા ઈચ્છાપૂર્તિ કરનારા છે, ભક્તો અહીં આવીને પોતાની મનોકામના પૂર્ણ કરી શકે છે. કાર્યક્રમ દરમિયાન પૂ. પા. ગો. ૧૦૮ શ્રી કુંજેશકુમારજી મહારાજે હોસ્પિટલના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગાંધીની આ સુંદર અને સેવાકીય શુભ ભાવનાને બિરદાવી તેઓનું ખાસ સન્માન કર્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં હોસ્પિટલના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગાંધી, હોસ્પિટલનો તમામ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ, કાલોલ નગરના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈ-બહેનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# અનાજ વિતરણ સાથે જ કમિશન આપવા માગણી

(પ્રતિનિધિ) દાહોદ તા.16

રેશનિંગ દુકાનદારોના વિક્રેતા દ્વારા અનાજ વિતરણ કરાયાના એક મહિના બાદ પણ દુકાનદારોને એક સાથે નહીં પરંતુ ટુકડે ટુકડે કમિશનની રકમ મળતી હોવા મુદ્દે રાજ્ય સરકારમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. રેશનિંગના દુકાનદારો દ્વારા રજૂઆત કરવામાં પણ આવી છે કે દુકાનદારો રેશનિંગના અનાજનું વિતરણ કરી દે તે પછી તેમને કમિશનની રકમ ચૂકવવાની હોય છે તેના બદલે થોડી થોડી રકમ દોઢથી બે મહિના જેટલા સમયગાળામાં મળતી હોય છે. જેના કારણે અનેક દુકાનદારોની આર્થિક સ્થિતિ કફોડી થાય છે. તેથી હાલની પદ્ધતિના બદલે ગ્રાહક દુકાનમાંથી જથ્થો લે તે પછી તુરંત એકાઉન્ટમાં મળવાપાત્ર રકમ જમા થતી જાય તેવી ડાયરેક્ટ કમિશન ટ્રાન્સફર પદ્ધતિ ગોઠવવી જોઈએ. રજૂઆતમાં વધુમાં જણાવ્યું છે કે બજેટમાં પણ દુકાનદારને આપવાના કમિશનની રકમની જોગવાઈ કરાયેલી છે ત્યારે દરેક મહિનાની આખર સુધી જેટલું વિતરણ થયું હોય તે અને તફાવતની રકમ પણ વેળાસર મળી જાય તેવું આયોજન કરવું જરૂરી છે.

### NHAI ના કર્મચારીઓ ખડેપગે રહ્યા હતાં

# ગોધરાના ચંચેલાવ નજીક બાઈક ચાલકને બચાવવા જતા ટ્રક પલટી

(પ્રતિનિધિ) ગોધરા તા.16

ગોધરાના ચંચેલાવ નજીક હાઈવે પર આઈસર ટ્રકની આગળ અચાનક એક બાઈક સવાર વચ્ચે આવી જતા તેને બચાવવાના પ્રયાસમાં ટ્રક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો.જેના પરિણામે આ દુર્ઘટના ઘટી હતી. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવરને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને જોતા ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ગોધરાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ તરફ, હાઈવે પર ટ્રક પલટી જવાના કારણે તેમાં ભરેલો માલ-સામાન આખા રોડ પર વિખેરાઈ ગયો હતો. જેના પગલે




હાઈવે પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. NHAI ના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને અકસ્માતગ્રસ્ત વિસ્તારમાં જરૂરી મદદ પૂરી પાડી હતી અને રસ્તા પર પડેલા સામાનને હટાવી સાઈડ પર કરી દીધો હતો.જેથી અટવાઈ ગયેલો વાહનવ્યવહાર ફરીથી રાબેતા મુજબ શરૂ થઈ શક્યો હતો.

**નેશનલ ડેન્ગ્યુ ડે** વધતી ગરમી અને શહેરીકરણથી ભારતના શહેરો બની રહ્યા છે ડેન્ગ્યુના હોટસ્પોટ

# ચોમાસા પૂરતું નહીં, હવે વર્ષભર ડેન્ગ્યુનું જોખમ : ડોક્ટરોની ચેતવણી

મોન્સુન પ્રિવેન્ટિવ એક્ટિવિટીના ભાગરૂપે દર વર્ષે 16મી મેના રોજ સમગ્ર દેશમાં "નેશનલ ડેન્ગ્યુ ડે" ઉજવવામાં આવે છે. આ



**ડો.તુષાર શાહ**
કન્સલ્ટન્ટ પિડિયાટ્રિશિયન

દિવસ લોકોને ડેન્ગ્યુ પ્રત્યે જાગૃત કરવા તેમજ વ્યક્તિગત, પારિવારિક અને સામૂહિક સ્તરે સાવચેતીના પગલાં લેવા માટે યાદ અપાવે છે. આ વર્ષે વધતા તાપમાન અને બદલાતા હવામાનને કારણે ડેન્ગ્યુનું જોખમ વધુ વધી શકે તેવી ચેતવણી આરોગ્ય નિષ્ણાતો આપી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, 2026નું વર્ષ અત્યાર સુધીના સૌથી ગરમ વર્ષોમાંનું એક બની શકે છે. અલ નીનો જેવી આબોહવાની પરિસ્થિતિઓ ભારે ગરમી અને અનિયમિત વરસાદ જેવી પરિસ્થિતિ ઊભી કરી શકે છે, જે મચ્છરોના પ્રજનન અને વેક્ટર બોર્ન રોગોના ફેલાવા માટે અનુકૂળ બની શકે છે. પરિણામે, ભારતના મોટા શહેરો હવે ડેન્ગ્યુ ટ્રાન્સમિશનના મુખ્ય હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યા છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ડેન્ગ્યુ હવે માત્ર ચોમાસાની ઋતુ પૂરતું મર્યાદિત નથી રહ્યું. ઝડપી શહેરીકરણ, વધતી વસ્તી, પાણીના સંગ્રહની અયોગ્ય પદ્ધતિઓ અને બાંધકામની વધી રહેલી પ્રવૃત્તિઓને કારણે મચ્છરો માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. જેના કારણે ડેન્ગ્યુ હવે વર્ષભર જોવા મળી રહ્યો છે. ભારત વિશ્વના ડેન્ગ્યુ બોજના લગભગ ત્રીજા ભાગ માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે. . ડેન્ગ્યુ તમામ ઉંમરના લોકોને અસર કરી શકે છે, પરંતુ 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ડાયાબિટીસ, હાયપરટેન્શન, સ્થૂળતા તથા હૃદયરોગ જેવી બીમારીઓ ધરાવતા લોકોમાં ગંભીર ડેન્ગ્યુનું જોખમ વધુ રહે છે. ભારતમાં ડેન્ગ્યુના ચારેય સિરોટાઈપ્સનું પરિભ્રમણ થતું હોવાથી એક વ્યક્તિને એકથી વધુ વખત ચેપ લાગવાની શક્યતા રહે છે, જે ગંભીર પરિસ્થિતિ સર્જી શકે છે. નવકાર ચિલ્ડ્રન હોસ્પિટલ, વડોદરાના કન્સલ્ટન્ટ પિડિયાટ્રિશિયન ડો. તુષાર શાહ જણાવે છે કે, ઉનાળાની રજાઓ દરમિયાન બાળકો વધુ સમય બહાર પસાર કરતા હોવાથી તેઓ મચ્છરોના સંપર્કમાં આવી શકે છે. ડેન્ગ્યુ ફેલાવતા એડીસ એજિપ્તી મચ્છરો હવે ઉનાળામાં પણ પાણીના નાના સંગ્રહોમાં પ્રજનન કરી રહ્યા છે. તેથી ચોમાસા પહેલાંથી જ સાવચેતી રાખવી ખૂબ જરૂરી બની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડેન્ગ્યુ સામાન્ય તાવથી શરૂ થઈ શકે છે, પરંતુ તાવ ઉતર્યા બાદ સતત ઉલ્ટી, પેટમાં દુખાવો, નાક કે પેઢામાંથી લોહી પડવું, અતિશય થાક જેવા ચેતવણીના લક્ષણો દેખાય તો તરત ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે. સમયસર સારવાર ન મળે તો ડેન્ગ્યુ જીવલેણ સાબિત થઈ શકે છે.

### આમ આદમી પાર્ટીએ મામલતદારને આવેદન આપી રજૂઆત કરી

# ઝાલોદ તાલુકાના ગામડાઓમાં નાગરિકોનો પાણી માટે રઝળપાટ

(પ્રતિનિધિ) દાહોદ તા.16

ઝાલોદ વિધાનસભા વિસ્તારમાં ઉનાળાની સિઝન તેનાં અંતિમ ચરણમાં છે ત્યારે ઝાલોદ વિસ્તારના અંતરિયાળ ગામોમાં પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે. કૂવા અને બોરના જળસ્તર ઊંડા ઉતરી જતા પીવાના પાણી માટે ગામજનોને રઝળપાટ કરવો પડી રહ્યો છે. જેને ધ્યાને લઈને ૧૩૦ ઝાલોદ વિધાનસભાના આમ આદમી પાર્ટીના પ્રમુખ અનિલભાઈ ગરાસીયા દ્વારા મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. અનિલભાઈ ગરાસીયાએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ઝાલોદ વિધાનસભામાં અવાર નવાર મોટાભાગના ગામો જેમાં અને ડુંગરાળ વિસ્તારમાં આવેલા છે.



હાલ ઉનાળાના છેલ્લા માસમાં કૂવા અને બોરના પાણીના સ્તર ખૂબ જ ડાઉન ઉતરી જવાથી સ્થાનિક લોકોને જરૂરિયાત મુજબ પાણી મળી રહ્યું નથી. આ પરિસ્થિતિમાં માનવ માત્રની જ નહિ, પરંતુ પશુપાલન પર નિર્ભર પરિવારો માટે પણ પોતાના પશુઓને બચાવવું મુશ્કેલ બન્યું છે. પાણીના અભાવે પશુઓના ઉછેર સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે.